ક્રમાંક: જીસીવીટી/પરીક્ષા/T-3/૨૦૧૯/ ૪૨૮-૭
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નં.૧, બીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તારીખ :-૧૫/૧૦/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગરના તા.૦૬/૧૧/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:રોતાનિ/સીટીએસ/ચ-૪/૨૦૦૮/૨૦૯૩૩

(૨) ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગરની એક્ઝીક્યુટીવ કમિટીની તા.૨૩/૯/૨૦૦૮ ની બેઠકની કાર્યવાહી નોંધના એજન્ડા નંબર – ૪

(3) માન. સભ્ય સચિવશ્રી અને નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તા.૧૦/૧૦/૨૦૧૯ ના મંજૂરી આદેશ અન્વયે

પરિપત્ર:

વંચાણે લીધેલ ક્રમ-(૧) ના પરિપત્ર તથા ક્રમ-(૨) ની તા.૨૩/૯/૨૦૦૮ ની બેઠકની કાર્યવાહી નોંધ અન્વયે જીસીવીટી પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમો પૈકી એન્જીનીયરીંગ ટ્રેડ ગ્રુપ અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્ષ મોડ્યુલ, Life(Soft) Skill Module તથા Industrial Attachment Module ફરજિયાત કરવા નિર્ણય લેવામાં આવેલ હતો. જે અન્વયે પ્રથમ બે માસ દરમ્યાન ફાઉન્ડેશન કોર્ષ મોડ્યુલમાં (૧) ગણિત (૨) ભૌતિક વિજ્ઞાન અને (૩) રસાયણ વિજ્ઞાનના વિષયોને લગતી મોડ્યુલર તાલીમ આપી પરીક્ષા લેવામાં આવે છે.

માન. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ચારેય વિભાગના તાલીમપાંખના નાયબ નિયામકશ્રીઓ તથા નાયબ નિયંત્રકશ્રી (પરીક્ષા), જીસીવીટી, ગાંધીનગર સાથે વડી કચેરી ખાતે તા.૨૩/૦૯/૨૦૧૯ ના રોજ યોજાયેલ મિટીંગમાં થયેલ ચર્ચાને અંતે લેવાયેલ નિર્ણયાનુસાર ઓગષ્ટ-૨૦૧૯ ના પ્રવેશસત્રથી જીસીવીટી પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમો પૈકી એન્જીનીયરીંગ ટ્રેડ ગ્રુપ અભ્યાસક્રમોમાં તાલીમ લેતા તાલીમાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષયમાં પાયાનું જ્ઞાન મળી રહે તે હેતુથી ફાઉન્ડેશન કોર્ષ મોડ્યુલની તાલીમ આપવાનું ચાલુ રાખવામાં આવે છે, જ્યારે સંસ્થા કક્ષાએ તેમજ જીસીવીટી દ્વારા લેવામાં આવતી ફાઉન્ડેશન કોર્ષ મોડ્યુલની હેતુલક્ષી કસોટી લેવાનું બંધ કરવામાં આવે છે. ક્રમ-(૧) ના પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

(કે.બી.પટેલ)
નાયબ નિયંત્રક (પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ
તમામ આચાર્યશ્રી/સંચાલકશ્રી,
ઔદ્યોગિક તાલીમ સંસ્થા/ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા/ સેલ્ફ ફાયનાન્સ સંસ્થા
તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના -

૧. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત તરફ જાણ સારૂ.
૨. શાખા અધિકારીશ્રી, શાખા-ચ/ ઘ, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
3. શ્રી એન. જી. દેસાઇ, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર, કોમ્પ્યુટર સેલ, જી.સી.વી.ટી, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી